# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day :THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ રાજ્યના બે દિવસના પ્રવાસે છે ત્યારે આજે ગાંધીનગરના કલોલ તાલુકાના વડસરમાં તેમણે તળાવ અને નવનિર્મિત વાંચનાલયનું લોકાર્પણ કર્યું.ત્યારબાદ તેમની ઉપસ્થિતિમાં ટોયોટા કિર્લોસ્કર લિમિટેડ અને રાજ્ય સરકાર વચ્ચે સમજૂતી કરાર થયા હતા. તેમણે કલોલના ખાત્રજમાં તળાવના નવીનીકરણનું ખાતમુહૂર્ત અને નવી પંચાયત કચેરીનું લોકાર્પણ કર્યું ત્યારબાદ તેઓ મોટી ભોયણ ગામ ખાતે પહોંચ્યા જ્યાં શ્રી શાહે પ્રાથમિક શાળાનું લોકાર્પણ કર્યું. જલુંદ ગામમાં તેમણે પુસ્તકાલયનું લોકાર્પણ કર્યા બાદ પ્રાથમિક શાળાના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત કર્યું.

શ્રી શાહે આજે સોનીપુર ગામ ખાતેથી કલોલ અને ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતવિસ્તારના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. સાંજે અમદાવાદના સોલા ખાતે તેઓ માતા ઉમિયા ધામ કેમ્પસમાં છાત્રાલય અને નવા વાડજમાં 'ભારત માતા સ્ક્વેર'નું ઉદ્ઘાટન કરશે. શાહીબાગ ખાતે ઓલિમ્પિક્સ, કોમનવેલ્થ ગેમ્સ અને વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠકમાં પણ તેઓ ઉપસ્થિત રહેશે. આવતીકાલે શ્રી શાહ સરહદી જિલ્લા કચ્છની પણ ખાસ મુલાકાત લેશે.

# MNC MAYOR

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બાદ આજે અનેક મહાનગરપાલિકાના મેયર સહિતના હોદ્દેદારોની વરણી કરવામાં આવી રહી છે. રાજકોટ મહાનગરપાલિકાના મેયર તરીકે ડો. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર તરીકે દક્ષાબેન વસાણી, જ્યારે સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે પરેશ પીપળિયાની નિમણૂક કરવામાં આવી છે. સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની યોજાયેલી સામાન્ય સભામાં આજે પ્રથમ મેયર તરીકે રાકેશ રાઠોડના નામની જાહેરાત કરવામાં આવી હતી, ડેપ્યુટી મેયર તરીકે સ્મિતાબેન રાવલ અને સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે નિખિલ ચાંપાનેરીની વરણી કરવામાં આવી છે. ભાવનગર મહાનગરપાલિકાના મેયર તરીકે ઉષાબેન તલરેજાની વરણી થઈ છે. જ્યારે ડેપ્યુટી તરીકે અશોક બારૈયા ની નિમણૂક થઈ છે. સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે કિશન મહેતા તથા શાસક પક્ષના નેતા તરીકે લાલભા વાળાની નિમણૂક થઈ છે.

# LAKHPATI DIDI PM 12 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારને 12 વર્ષ પૂર્ણ થયા છે ત્યારે તેમની સરકારમાં અનેક મહિલાલક્ષી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી જેનાથી મહિલાઓ પગભર થઈ છે આવી જ એક યોજના છે લખપતિ દીદી.. આ યોજનાના લાભાર્થી રસીલાબેને કરોડો મહિલાઓ માટે કલ્યાણકારી ગણાવી.

**(BYTE: RASILA BEN, LAKPATI DIDI)**

# ARVALLI POCSO

અરવલ્લી જિલ્લા અદાલતે  પોક્સોના આરોપીને 20 વર્ષ સખત કેદની સજા ફરમાવી છે.. દોઢ વર્ષ પહેલા બનેલી ઘટનાના સમગ્ર કેસની સુનાવણી જિલ્લા સ્પેશિયલ પોકસો અદાલત ખાતે ચાલી હતી.. સરકાર પક્ષે દલીલો અને વિવિધ પુરાવાઓ રજૂ કરવામાં આવતા, પીડિતાને ન્યાય મળ્યો હતો.. પોક્સો કોર્ટેના જજ કે. કે. શુક્લએ ચુકાદો આપીને ત્રીસ હજાર રૂપિયા દંડ પણ કર્યો હોવાનું સરકારી વકીલ ડી. એસ. પટેલે જણાવ્યું.

**(BYTE: D. S. PATEL, GOVERNMENT LAWYER, ARAVALLI)**

# CAMP

ડાંગ જિલ્લાના આહવા,વઘઇ અને સુબીર તાલુકામાં જનકલ્યાણના કુલ ૨૫ કેમ્પ યોજાયા. જેમાં ૬ હજારથી વધુ લોકોએ ઉત્સાહ પુર્વક ભાગ લીધો હતો.

અમારાં પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કેમ્પોમાં ગ્રામ્ય સ્તરે લાભાર્થી સેચ્યુરેશન કેમ્પો, આરોગ્ય તપાસ કેમ્પો, જાગૃતિ કાર્યક્રમો અને જનસુનવણી, આરોગ્ય ક્ષેત્રે સિકલ સેલ જાગૃતિ, પોષણ, પ્રતિરોધાત્મક આરોગ્ય સંદેશા તથા આરોગ્ય સ્ક્રીનિંગ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

# EID

દેશ વિદેશની સાથે રાજ્યભરમાં આજે ઈદ ઉલ અઝહાનું પર્વ ધાર્મિક હર્ષોલ્લાસ સાથે ઉજવાઇ રહ્યું છે. મુસ્લિમ બિરાદરોએ વહેલી સવારે ઈદની નમાઝ પૂર્ણ કર્યા બાદ પરંપરાગત રીતે એકબીજાને ગળે લગાવીને ઈદની મુબારકબાદી પાઠવી હતી. દિલ્લીની મુખ્ય જામા મસ્જિદ સહિત અમદાવાદની અને અન્ય મસ્જિદોમાં નમાઝ અદા કરવા માટે મુસ્લિમ બિરદારોની ભીડ ઉમટી હતી.

ભરૂચ શહેર અને જિલ્લામાં આજે ઈદના પર્વની ઉત્સાહ સાથે ઉજવણી કરાઇ હતી. ભરૂચના ઐતિહાસિક ઈદગાહ મેદાનમાં મુસ્લિમ બિરદરોએ નમાઝ અદા કરીને એક્બીજાને ઈદની શુભકામના પાઠવી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ અને ઘોઘલાના મુસ્લિમ સમાજે ઈદ ઉલ જોહારની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી. આ પ્રસંગે મુસ્લિમ બીરાદરોએ જુલૂસ કાઢ્યું હતું બાદમાં નમાઝ અદા કરી હતી.

# WEATHER

આગામી બે દિવસ રાજ્યમાં ગરમી યથાવત રહેશે જોકે ત્યારબાદ તાપમાનમાં 2થી4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી હોવાનું હવામાન વિભાગની યાદીમાં જણાવાયું છે. રાજ્યમાં મોટાભાગના શહેરોમાં આગામી 5 દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાની શક્યતા છે. રાજ્યમાં 30 મે થી 2 જૂન દરમિયાન છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની સંભાવના પણ છે.